જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયા કરતી થી બસેરા....

ફિલ્મમાં એ ગીત જામતું હશે અને બની શકે કે ખરેખર ભૂતકાળમાં આપણા 'ભારત દેશ'ની જાહોજલાલી પણ એ મુજબની જ હશે. આખી દુનિયામાં અજ્ઞાનનું અંધારું છવાયેલું હતું ત્યારે આપણા ઋષિમુનિઓ 'પ્રજ્વાલિતો જ્ઞાનમય પ્રદીપ્તઃ'ની નિરંતર ખેવના સેવતા હતા. ધરતી શસ્ય શ્યામલા હતી. નદીઓ બે કાંઠે વહેતી હતી. ચોમાસાં અનરાધાર વરસતાં હતાં. ઋતુચક્ર નિયમબદ્ધ ચાલતું રહેતું. લોકો પોતાની આજીવિકા સુપેરે રળી લેવા પ્રામાણિક પુરુષાર્થ કરતા હતા. રાજા કર જરૂર ઉઘરાવતા, પણ કરદાતાને કંઠે નહીં એવી સિફતથી. મધમાખી ફૂલનો રસ ચૂસી લે અને છતાં ફૂલનું ફૂલપણું લેશ પણ અળપાય નહીં એ રીતે. આ કર પદ્ધતિ ચાણક્ય અને ચંદ્રગુપ્તથી લઈ છેક લાઠી જેવા નાનકડા રજવાડાના રાજવી કલાપી સુધી સ્વીકૃતિ પામી છે. કલાપીનું 'ગ્રામમાતા' ખંડકાવ્ય એની પ્રતીતિ કરાવતી રચના છે.

ભારતની સમૃદ્ધિ અને સાનુકૂળ વાતાવરણ વિદેશી પ્રજાઓ માટે આશ્ચર્ય અને આકર્ષણનો વિષય હોય એ સ્વાભાવિક હતું. સિકંદર હોય કે ચંગેઝખાનઃ આખરે એ આ ઉર્વર ભૂમિખંડની સમૃદ્ધિથી જ ખેંચાઈ આવેલા. દૂર દૂર સુધી ફેલાયેલી એની સુગંધ અનેક પ્રજાઓને પોતાની માતૃભૂમિ છોડી અહીં જ હંમેશને માટે અઠે દ્વારકા કરવા પ્રેરે એ પણ સમજી શકાય એમ છે.

કોઈ પણ અન્ય દેશમાં આટલું વૈવિધ્ય ધરાવતી વિદેશી પ્રજાઓ સ્થિર થઈ એની જીવનશૈલી સાથે ઓતપ્રોત થઈ હોય એવું નથી બન્યું. વળી આક્રમક પ્રજાને આ દેશની પ્રજાએ કોઈ પણ જાતના ભેદભાવ વગર આત્મસાત કરી છે. હૂણ, શક, તાર્તાર કે યહુદી, પારસી અને છેલ્લે મુસ્લિમ તથા ખ્રિસ્તીઃ બનવાજોગ કે પશ્ચિમના વિદ્વાનો માને છે એમ આર્યો પણ બહારથી આવ્યા હોય તો એ તમામ ભારતીય પ્રજાજનો તરીકે પોતાની ઓળખ ઊભી કરી શક્યા એ કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. એમાં મૂળ નિવાસીઓની ઉદારતા છે એમ આગંતુક પ્રજાની નવા દેશ અને વેશમાં પલટાઈ જવાની લવચીકતા પણ છે. શરૂઆત ભલે લોહિયાળ જંગ સ્વરૂપે થઈ હશે, પણ કાળક્રમે સમાધાનની ભૂમિકાએ છેક રોટીબેટીના વ્યવહાર સ્થાપિત થઈ ગયા હશે. એમાં ક્યાંક ધાર્મિક પરંપરાઓ નડતરરૂપ લાગી હશે તો એ પણ ધીમે ધીમે સમન્વય સ્વરૂપે ઓગળી ગઈ હશે.

યુરોપના ઠંડીથી ઠૂંઠવાતા પ્રદેશો ભારતના સૂર્યમય વાતાવરણ અને ગરમ તેજાના તરફ આકર્ષિત થાય એ સ્વાભાવિક હતું. વચ્ચે સાત સમુંદર લહેરાતા હોઈ એ સાનુકૂળ ભોમકા સુધી પહોંચવા સઢવાળી નૌકા સિવાય કોઈ વાહન નહોતું. સ્પેનથી ભારતની શોધમાં નીકળી પડેલો હિંમતબાજ નાવિક અનેક વિટંબણાઓ વેઠીને બારોબાર કોઈ લીલાછમ જમીનના ટુકડા પર નાંગરે છેઃ એને એ ઇન્ડિયા માની બેઠો હતો. હકીકતમાં એ અમેરિકા હતું! ત્યાંની મૂળ પ્રજા રતૂમડા રંગની હતી. એણે એને રેડ ઇન્ડિયન નામ આપ્યું! ભારતની શોધમાં નીકળી પડેલા સાહસવીર કોલંબસે દુનિયાને એક નવો જ દેશ શોધી આપ્યો હતો, જે સમય જતાં 'લેન્ડ ઓફ ઓપરચ્યુનિટી'માં ફેરવાઈ ગયો. હવે એ જ અમેરિકામાં વસી ગયેલી સાહસિક અને સમૃદ્ધ પ્રજાને વસવાટ માટે પૃથ્વી કરતાં અંતરિક્ષ વધારે ગમવા લાગ્યું છે. બનવાજોગ કે આગામી સમયમાં એ પૈકી ઘણા બધા ચંદ્ર, મંગળ કે શુક્ર ગ્રહ પર રહેવા ચાલ્યા જશે! ફળદ્રુપ ભેજું ધરાવતા માનવી માટે તો હવે કદાચ બ્રહ્માંડ પણ હસ્તગત કરવું અઘરું નથી! એણે એ માટે આગોતરી યોજનાઓ પણ ઘડી રાખી છે. ત્રણ ચાર દાયકા પહેલાં જે દંતકથા લાગતી હતી એ આજે નક્કર વાસ્તવિકતા રૂપે સાકાર થતી દેખાય છે.

પરંતુ આટલી લાંબી અને ઊંચી હરણફાળ ભરી રહેલા વિશ્વના સૌથી સમૃદ્ધ અને બળૂકા દેશના લોકો સુખની વ્યાખ્યા મુજબ સુખી છે ખરા? ખુશહાલ દેશોની યાદીમાં એનું સ્થાન વર્ષોવર્ષ ગબડતું જાય છે. અફઘાનિસ્તાન એ યાદીમાં સૌથી છેલ્લે છે. ભારત પણ છેક છેલ્લી હરોળમાં છે. આપણા કરતાં નેપાળ અને પાકિસ્તાન વધારે 'ખુશહાલ' દેશો છે. સૌથી વધુ ખુશહાલ દેશ તરીકે ફિનલેન્ડ એનું સ્થાન ટકાવી રાખે છે અને આસપાસના સ્વીડન, નોર્વે જેવા દેશોમાં પણ એને લગોલગ ખુશાલી પ્રવર્તે છે. આખી યાદી જાહેર કરી દેવાઈ છે જે જોઈએ તો આપણને પેલી સોનાની ચિડિયાવાળી કવિતા

જો માણસ મનથી ખુશખુશાલ ના રહી શકતો હોય તો એની પાસે અઢળક નાણાં અને ચલ-અચલ સંપત્તિનો વૈભવ હોય એનો શો અર્થ? જે માનવી શાંતિપૂર્વક ઊંઘી શકે, એને કકડીને ભૂખ લાગે અને ઊછળતાં કૂદતાં પ્રિયજનો સાથે મસ્તીથી કોઈ જાતની માનસિક વિટંબણા વગર દિવસ પૂરો કરી શકે એ સુખી શબ્દના સાચા અર્થમાં સુખી ગણાય. જો આખી જિંદગી હાયવોય કરવામાં જ ખપી જાય તો અબજોપતિ માણસ પણ ફૂટપાથ પર નિરાંતે સૂતેલા માનવી કરતાં વધારે દુઃખી ગણાવો જોઈએ

ગણગણતાં જરૂર શરમ આવે. દુનિયાની જમાદારી કરતી તકોની ભોમકા વિશેનો ભ્રમ પણ વખત પૂરતો ભાંગી જાય. જો માણસ મનથી ખુશખુશાલ ના રહી શકતો હોય તો એની પાસે અઢળક નાણાં અને ચલ-અચલ સંપત્તિનો વૈભવ હોય એનો શો અર્થ? જે માનવી શાંતિપૂર્વક ઊંઘી શકે, એને કકડીને ભૂખ લાગે અને ઊછળતાં કૂદતાં પ્રિયજનો સાથે મસ્તીથી કોઈ જાતની માનસિક વિટંબણા વગર દિવસ પૂરો કરી શકે એ સુખી શબ્દના સાચા અર્થમાં સુખી ગણાય. જો આખી જિંદગી હાયવોય કરવામાં જ ખપી જાય તો અબજોપતિ માણસ પણ

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

ફૂટપાથ પર નિરાંતે સૂતેલા માનવી કરતાં વધારે દુઃખી ગણાવો જોઈએ.

મોટા દેશો એકબીજાને પાછળ પાડીને આગળ વધી જવાની ધૂનમાં ને ધૂનમાં પોતાના નાગરિકોની સુખ-સુવિધા નજરઅંદાજ કરીને વેપાર વિકસાવવામાં અને શસ્ત્રો ભેગાં કરવામાં શ્રેય સમજે છે. દૂરદરાજના મુલકો પર પ્રકૃતિની કૃપા રહે છે. પહાડો, નદીઓ અને જંગલો તથા સમગ્ર જીવસૃષ્ટિ સાથે માનવી આત્મીયતાપૂર્વક જીવવાની કળા શીખી જાય છે. એટલે એને પ્રગતિના નામે થતી નૃશંસલીલાનો ભાગીદાર બનવું પડતું નથી. એ પ્રાકૃત જીવનનો આનંદ માણી શકે છે અને એથી લાંબુ નિરામય જીવન જીવી શકે છે. કુદરતી રીતે જ એનામાં લોભ, મોહ અને ઈર્ષા જેવા નકારાત્મક દુર્ગુણો વિકસતા નથી. આપણા સંતો જે સાદી જીવનશૈલીનો બોધ આપે છે એ એને તો ગળથૂથીમાં મળ્યો હોય છે. કબીરદાસ કહે છેઃ 'સાંઈ ઇતના દીજિયે જામેં કુટુંબ સમાય, મૈં ભી ભૂખા ના રહૂં સાધુ ના ભૂખા જાય'.

આ અલ્પતમ જરૂરિયાતોવાળી જીવનશૈલી માનવીને કુદરતની વધુ નિકટ લાવે છે અને કુદરતી સંપદા ઉપરાંત માનવસર્જિત સંસાધનોનું વધુ પડતું દોહન કરતાં અટકાવી પ્રકૃતિ સાથે સંતુલન જાળવી રાખવામાં મદદ કરે છે. વિકસિત દેશોની વિકાસ ભૂખ અટકે તો જ એ પોતપોતાના દેશના નાગરિકોની સુખસુવિધા પર પૂરતું ધ્યાન આપી શકે. એ જ રીતે વિકાસની હોડમાં બાકીના બધા જ મુદ્દા હાંસિયામાં ધકેલી ગજા બહારની તાકાત બતાવવા સતત પ્રયત્નશીલ રહેતા વિકાસશીલ દેશો પણ પોતાના નાગરિકોની પાયાની જરૂરિયાતો તરફ પૂરતું ધ્યાન નથી આપી શકતા. ભારત એનું નેત્રદીપક ઉદાહરણ છે. એના કર્ણધારો માટે મજૂરી કરી માંડ બે ટંકના ખાણાની જોગવાઈ કરતાં કરોડો કુટુંબો કરતાં ચંદ્ર, મંગળ કે શુક્ર ગ્રહ પર ત્રિરંગો ફરકાવીને કે પછી અણુબોમ્બ બનાવીને દુનિયાના ચોકમાં ઉન્નત મસ્તકે હાજરી પુરાવવી વધારે અગત્યની બાબત બની ગઈ છે. એથી ઘણી વખત તો જમીન ઉપરની કઠોર વાસ્તવિકતા સામે આંખ મિચામણાં કરવાં પડે છે. ચંદ્રને છેટેથી નિહાળી કાલ્પનિક ખુશાલી મેળવવા ટેવાયેલા આમ આદમીને એની ખડકાળ સપાટી પર ફરતું રોવર જોવડાવી આપણે શું સિદ્ધ કરી શકીએ છીએ? શું એ માણસને આપણે ક્યારેય ચંદ્ર પર પહોંચાડી શકવાના છીએ? જો એને એવા કાલ્પનિક નશામાં જ વાસ્તવિક જીવનનો આનંદ માણતાં અટકાવીશું તો આપણે ઈશ્વરના ગુનેગાર જ બનીશું.

મહાત્મા ગાંધીજી રસ્કિનની 'અન ટુ ધિસ લાસ્ટ' થિયરીથી પ્રભાવિત થયા હતા. એમણે સર્વોદયનો વિચાર વહેતો મૂક્યો અને કહ્યું કે આપણે જે કંઈ કરીએ એથી પેલા છેક છેવાડે બેઠેલા આપણા દેશવાસીને કંઈ ફાયદો થાય છે કે નહીં તે વિચારવું જોઈએ. એને પણ આપણા જેવું જ સુખ ગમે છે. આ વિચારધારા મૂડીવાદી અને સામ્રાજ્યવાદી મહાજનોને સમજાશે ત્યારે આપોઆપ આપણો દેશ પણ ફિનલેન્ડ, નોર્વે, ડેન્માર્ક કે સ્વિટ્ઝર્લેન્ડની જેમ સુખ અને ખુશાલીના સર્વેક્ષણમાં પહેલી હરોળમાં પાટલો માંડી શકશે એમાં શંકાને સ્થાન નથી.

અને ત્યારે 'આસેતુ હિમાલય' પર્યંત વિસ્તરેલી આ પતિતપાવન ભોમકા પુનઃ પૃથ્વી પરનું સ્વર્ગ બની રહેશે. કોઈ અલ્બેરૂની મુલાકાતે આવશે તો એના મુખમાંથી એ જ જાણીતા ઉદ્ગાર સરી પડશેઃ હમીનસ્તો, હમીનસ્તો!

જીવન સંભાવનાઓનો ખેલ છે!

અમે બારમા ધોરણમાં હતા ત્યારે ગણિતમાં સંભાવનાનું પ્રકરણ આવતું. કોઈ બાબતની કેટલી સંભાવના હોઈ શકે તેની ગણતરી કરવાની. આજે ફરી એ ગણતરી માંડવાનો વિચાર આવ્યો છે. જન્મથી જ શરૂ કરીએ. માણસનો જન્મ ક્યારે થાય? જ્યારે સ્ત્રીને ગર્ભ રહે ત્યારે. ગર્ભ રહે તેની સંભાવના કેટલી? સંભોગ એ આનંદની બાબત છે, પરંતુ ગર્ભ રહેવો એ કુદરતના હાથની જ બાબત છે. જેમને સરળતાથી સંતાન થઈ જાય છે તેમને ન પૂછો, પણ 'ગુડ ન્યૂઝ'ફિલ્મના અક્ષયકુમાર અને કરીના કપૂરની જેમ જેમને સરળતાથી સંતાન નથી થતું તેમને પૂછો કે સંભોગ એ આનંદની બાબત રહે છે? જ્યારે ગર્ભ ન રહેતો હોય ત્યારે ગર્ભ રહે તે માટે કરવામાં આવતો સંભોગ આનંદની બાબત નથી રહેતો. ચોક્કસ સમયમાં સંભોગ કરવાથી જ ગર્ભ રહે છે. ધર્મશાસ્ત્ર તો તેમાં તિથિ પણ કહે છે. એ બધામાં ન પડીએ તો પણ ગર્ભ રહેવાની સંભાવનાઓ બહુ ઓછી છે.

એક મિલી લિટર વીર્યમાં 1.5 કરોડ શુક્રાણુથી માંડીને 20 કરોડ શુક્રાણુ હોઈ શકે છે. આ શુક્રાણુઓની આટલી સંખ્યા પણ સંભાવનાઓનો ખેલ છે. કોના વીર્યમાં કેટલા શુક્રાણુ હશે તે કહેવું અઘરું છે. અને એ શુક્રાણુમાંથી ક્યો શુક્રાણુ સ્ત્રીના અંડને ફળીભૂત કરશે? તે પણ સંભાવનાઓનો ખેલ છે. અને તે શુક્રાણુના સ્ત્રીના અંડ સાથે મિલનથી ગર્ભ રહેશે જ? એ કહેવું પણ ખાતરીપૂર્ણ નથી. ચિકિત્સા વિજ્ઞાન કહે છે કે સ્ત્રીના ગર્ભવતી થવાની સંભાવના માંડ 25થી 30% હોય છે. તે પણ સંપૂર્ણ તંદુરસ્ત સ્ત્રીમાં. એટલે કે જેમને ગર્ભ નથી રહેતો તે જાતજાતના ટેસ્ટ કરાવે, IVF કરાવે. બાધાઆખડી રાખે. પરંતુ જેઓ કૉલેજ કાળમાં કહેવાતા પ્રેમમાં હોય કે પછી પરણ્યા પછી લફડું કરતા હોય તેમને ગર્ભ ન રાખવો હોય અને રહી જતો હોય તેવું પણ બને છે. અથવા તો પછી 'બધાઈ હો બધાઈ'ફિલ્મની જેમ મોટી વયે જેમને સંતાન ન કરવું હોય તો પણ ગર્ભ રહી જતો હોય છે.

અને પરિણીત સ્ત્રીને એ ગર્ભ રહેશે તો એ સંભાવના કેટલી ત્રણ મહિના સુધી ટકશે? ત્રણ મહિના ટકી ગયો તે પછી તેની યોગ્ય સારવાર માટે જાણકાર અને સારા ડૉક્ટર મળશે જ? સારા ડૉક્ટર મળી પણ ગયા, પરંતુ શું સ્ત્રીને પ્રસૂતિ માટે પિયર જવા દેવાશે? સ્ત્રીને પિયર ન જવા દેવામાં આવી અને સાસરે રાખવામાં આવી તો શું તેની પૂરતી દેખભાળ કરાશે? તેને ડૉક્ટરે પથારીમાં આરામ કરવાનું કહ્યું હોય, દવાઓ પ્રિસ્ક્રાઇબ કરી હોય તો શું તેનાં સાસુ-પતિ તેને સમયે-સમયે દવા, ભોજન અને ગર્ભાવસ્થા દરમિયાન બાળકની થતી ઇચ્છા માને થતી હોય છે, તો તે મુજબ તીખું-ખાટું ખવડાવાશે? કે પછી અમારા ઘરમાં તો આમ જ થાય તેમ કહીને નહીં ખવડાવે? કામ તો કરવું જ જોઈએ તેમ કહેવાશે કે પછી વધુ પડતી કાળજી રાખીને સ્ત્રીને હેરાન કરી મૂકાશે?

માનો કે તેને પિયર જવા દેવામાં આવી તો શું પિયરમાં માતા કે પછી ભાભી તેનું ધ્યાન રાખી શકે તેમ છે? રાખશે? કે પછી સ્ત્રી પિયરે આવી એટલે ભાભી ભાઈ કે સાસુ સાથે ઝઘડા કરી તેને ચિંતામાં નાખી દેશે કે તમે મારી ગર્ભાવસ્થામાં તો મારું ધ્યાન નહોતું રાખ્યું, મને તો પિયર પણ નહોતી જવા દીધી અને બહેનબાને ઘરે તેડી લાવ્યા? ત્રણ મહિના સુધી ટકીને વિકસવા લાગ્યો તો નવ મહિના પછી તેની સુખદ પ્રસૂતિ થશે? પ્રસૂતિ સુખદ થયા પછી તેને કોઈ બીમારી તો નહીં આવે ને? તેનું વજન તો બરાબર હશે ને? તેના બધાં

એક મિલી લિટર વીર્યમાં 1.5 કરોડ શુક્રાણુથી માંડીને 20 કરોડ શુક્રાણુ હોઈ શકે છે. આ શુક્રાણુઓની આટલી સંખ્યા પણ સંભાવનાઓનો ખેલ છે

અંગો બરાબર હશે ને? બહુ ઓછાને થતી બીમારી તેને નહીં થઈ હોય ને? તેને બધી રસી અપાઈ જશે ને? અમારા (માતાપિતા) તરફથી અમને જાણ ન હોય ને એકેય રસી બાકી ન રહી જાય?

આ સંભાવનાઓ પછી પણ આખી જિંદગી કેટલીક સંભાવનાઓ ચાલતી રહે છે. સારી શાળામાં ઍડમિશન મળવું, શાળા દરમિયાન કોરોના જેવી કોઈ વિશ્વવ્યાપી કે ભારતવ્યાપી બીમારી ન આવવી (આવી જાય તો ભણતર તો

અબીલ ગુલાલ
જયવંત પંડ્યા

ઑનલાઇન થાય પરંતુ બાળક બરાબર ન શીખે એટલે એ વર્ષનો પાયો કાચો રહી જાય), કોઈ આંદોલન કે રમખાણો ન થાય જેના કારણે કર્ફ્યૂ નાખવો પડે, શાળા બંધ રહે. દસમા-બારમામાં સારા ટ્યૂશન મળવા, તેમાં પણ JEE, CAT, CLAT, NEET વગેરે પરીક્ષા માટે સારા કૉચિંગ ક્લાસ મળવા, તે માટે ત્યારે પૈસાની સગવડ હોવી, અને પૈસાની સગવડ રહે તે માટે નોકરી-ધંધા બરાબર ચાલતા હોય.

2008 જેવી મંદી ન આવવી જોઈએ જેના કારણે નોકરીમાંથી છટણી થઈ જાય કે પછી શેરબજારમાં રિલાયન્સ પાવર જેવા કોઈ શેર ન આવી જાય જેમાં ઘણા પૈસા ફસાઈ જાય. કાં તો જે બૅન્કમાં પૈસા મૂક્યા હોય તે બૅન્ક ઊઠી ન જાય. શહેરમાં ભૂકંપ ન આવી જાય જેમાં ઘર પડી ન જાય. કે, પછી પ. બંગાળમાં મુર્શિદાબાદમાં થયું તેમ પાડાના વાંકે પખાલીને ડામ દેવા એટલે કે વક્ફ કાયદાના વિરોધમાં હિન્દુઓના ઘર તોડી નાખવામાં ન આવે. પલાયન ન કરવું પડે.

સૉસાયટી રિડેવલપમેન્ટમાં જવાની હોય તો વ્યવસ્થિત બિલ્ડરના હાથમાં જાય. અને બે-ત્રણ વર્ષમાં જ નવેસરથી ફ્લેટ સારી સ્થિતિમાં મળી જાય તે માટે સંભાવના કેટલી બધી છે? બિલ્ડર કામ સમયસર પૂરું કરે, તે ઊઠી ન જાય, તે સારું મટિરિયલ વાપરે, ઇલેક્ટ્રિક કે પ્લમ્બિંગ કામ બરાબર કરાવે, દરવાજા, બારીઓ સારી ગુણવત્તાની હોય. પડોશી સારા હોય. લિફ્ટ બરાબર કામ કરે. પાણી ચોવીસ કલાક મળ્યા રાખે. બોર બગડે નહીં. નળની પાઇપલાઇન બરાબર કામ કરે. શૌચાલયની ગટર ઊભરાય નહીં. સંતાનને સારી કૉલેજ મળી જાય. તરુણાવસ્થા (ટીનએજ)માં સારા મિત્રોની સોબત રહે જેથી તે ડ્રગ્સ કે દારૂના ચક્કરમાં ન પડે. તેને અશ્લીલ વિડિયો બનાવી કોઈ બ્લેકમેઇલ ન કરે. તેને બ્લેકમેઇલ કરાવી તેની પાસે દારૂની કે ડ્રગ્સની હેરફેર જેવાં કામો ન કરાવે.

પતિને કોઈ વ્યસન ન થઈ જાય અને તે તેના પૈસા કોઈ અશોક જાડેજા જેવાને ડબલ કરવા ન આપી દે કે પછી તેના મિત્રને ઉછીના ન આપી દે જે પાછા ન આવે. તેના પૈસા બરાબર ઇન્વેસ્ટ કરે. કે પછી મહા મહેનતે ખરીદેલું સોનું ઘરમાંથી ચોરી ન થઈ જાય. પતિ રસ્તા પર વાહન ચલાવે તો તેની સાથે કોઈ વાહન દુર્ઘટના ન થાય અને તે વિકલાંગ ન થઈ જાય. સંતાન કૉલેજે જતું હોય ત્યારે તેની સાથે કોઈ વાહન દુર્ઘટના ન થાય. પતિ/સંતાન ઝાઝા પૈસા કમાવાની લાલચે વિદેશ ન જાય અને જાય તો ત્યાંથી તેને પાછા ભારત તગેડવા ન પડે અથવા યુક્રેઇન-રશિયા યુદ્ધ જેવી સ્થિતિ ન ઉદ્ભવે જેમાં ભારત પાછું આવવું પડે. દુબઈ-સાઉદી અરેબિયા જેવા મુસ્લિમ દેશમાં જાય તો ત્યાં નોકરી પ્રદાતા પાસપૉર્ટ લઈ તેને દાસ (ગુલામ)ની જેમ ન રાખી લે. આ બધા પછી સંભાવનાઓ આવે છે સંતાનને પરણાવવાની. સંતાન પરણે જ અને લિવ ઇનમાં ન રહે. પરણે તો તેને સારો પતિ કે પત્ની મળે. તેને સારી રીતે રાખે. અમારી (માતાપિતાની) વહુ સેવા કરે. રાંધીને ખવડાવે. માંદેસાજે દવા આપે. પગ દબાવી દે. પૌત્ર-પૌત્રી અમારી સાથે રહે-સૂવે-ખાય-પીવે-ભણે તો તેને મારું સંતાન તેનાં દાદા-દાદીનું થઈ જશે તેવી અસુરક્ષા ન લાગે. અને પછી સંતાનના ઘરે સંતાન થવાની સંભાવનાઓ એટલે કે આ લેખની શરૂઆતમાં કહ્યું ત્યાંથી ફરી પાછું ચક્ર શરૂ થાય. અને એટલે જ જો આ બધી સંભાવનાઓમાં કોઈ વ્યક્તિ સાથે દરેક તબક્કે બધું સારું જ બન્યું હોય અથવા મોટા ભાગના તબક્કાઓમાં સારું જ બન્યું હોય તો તેણે દરેક પળે ઈશ્વરનો ખૂબ-ખૂબ આભાર માનવો જોઈએ.

શ્રીકૃષ્ણે અર્જુનને અભિનંદન આપ્યા

પાંડવોમાં સૌથી મોટા યુધિષ્ઠિર જો પકડાઈ જાય તો પાંડવ સેવા પરાજિત થાય. એવી ગણત્રીથી દ્રૌણાચાર્ય યુધિષ્ઠિરને પકડવા દોડયા. પણ શું યુધિષ્ઠિર હાથ જોડીને બેસી રહે? એટલે તેણે પણ નિર્ભય થઈને બાણવર્ષા કરી. પણ દ્રોણાચાર્ય સેનાપતિ હતા એટલે તેમણે પણ પોતાનો દાવ ચાલુ રાખ્યો. દ્રોણગુરુને આક્રમણ કરતા જોઈ પાંડવસેનાના સત્યજિતે દ્રોણાચાર્ય પર આક્રમણ કર્યું. બંને શૂરવીરો યુધ્ધ કરવા લાગ્યા. દ્રોણાચાર્યે શત્રુનું ધનુષ્ય કાપી નાખ્યું અને સત્યજિતને દસ બાણ મારી ઘાયલ કર્યો.

અહીં આપણને આશ્ચર્ય તો થશે. આટલાં બધાં બાણ વાગવા છતાં કોઈનું મૃત્યુ થતું નથી. સત્યજિતે દ્રોણાચાર્યને ઘાયલ કર્યા એટલે પાંડવસેના હર્ષનાદ કરવા લાગી. હવે દ્રોણાચાર્ય ક્રોધે ભરાયા એટલે સત્યજિતના સારથિને અને રથના અશ્વોને મારી નાખ્યા. સામે પક્ષે સત્યજિતે પણ આક્રમણ કર્યુંઃ દ્રોણાચાર્ય આટલા બધા શૂરવીર અને છતાં તેઓ પીડાનો અનુભવ કરવા લાગ્યા. હવે તેમને લાગ્યું કે સત્યજિતનો વધ કરવો જ પડશે. આ બધી પ્રાચીન કથાઓમાં અતિશયોક્તિ તો હોય જ. દ્રોણાચાર્યે હજાર હજાર બાણ માર્યા અને છેવટે સત્યજિતનો વધ કર્યો. આના પરિણામે યુધિષ્ઠિર રણભૂમિમાંથી ભાગી ગયા. તે આચાર્ય હેમચન્દ્રના દુહાઓમાં તો

મહાભારત
શિરીષ પંચાલ

એક સ્ત્રી પોતાનો પતિ જો યુધ્ધમાંથી ભાગી આવે તો લાજ અનુભવતી હતી.

બીજા પાંડવ સૈનિકોએ દ્રોણાચાર્ય પર આક્રમણ કર્યું અને દ્રોણગુર પાંડવસેનાને ભસ્મ કરવા માંડ્યા. વિરાટ રાજાના ભાઈ શતાની કે દ્રોણાચાર્ય પર આક્રમણ કર્યું. પણ દ્રોણાચાર્યે વીર શતાનીનો વધ કર્યો. પાંડવ સેના ભયભીત થઈ ગઈ. સૈનિકોનાં અંગ લોહીની નદીઓમાં વહેવા લાગ્યા. શબ ખાવા માટે પશુપક્ષી આવ્યા. દ્રોણાચાર્ય વીર યોદ્ધાઓને યમલોક મોકલ્યા. દ્રોણાચાર્યને જોઈ યુધિષ્ઠિર ભાગી ગયા. દ્રોણાચાર્યે પાંડવસેનાને પરાજિત કરી.

ધૃતરાષ્ટ્ર પાંડવોનો પરાજય કેવી રીતે થયો એ જાણવા બહુ આતુર હતા. પાંડવોને પરાજિત જોઈ દુર્યોધન આનંદિત થઈ. કર્ણને કહેવા લાગ્યા. કર્ણ પાંડવોની શૂરવીરતાની કદર કરતા હતા. ભીમ કૌરવોને પરાજિત કરશે જ. આખરે કર્ણ અને દુર્યોધન દ્રોણાચાર્ય પાસે જઈ પહોંચ્યા. નકુલ, સહદેવ પણ યુધ્ધમાં જોડાયા. ફરી અતિશયોક્તિ કરીને કહેવામાં આવ્યું. ત્યાં બાર હજાર પાંડવ સૈનિકો હતા. આપણે જોયું કે બીજા વિશ્વયુધ્ધમાં પણ યુધ્ધ ભૂમિ પર આટલી મોટી સંખ્યામાં સૈનિકો ન હતા. જેમને રસ

હોય તેઓ વિન્સ્ટન ચર્ચીલે લખેલો બીજા વિશ્વયુધ્ધનો ઈતિહાસ વાંચે. હવે અભિમન્યુ પણ જોડાયો. વ્યાસ ભગવાને આ બધાં વર્ણન ખૂબ જ સારી રીતે કર્યો છે. જાણે તેઓ યુધ્ધભૂમિ પર ઉપસ્થિત હતા. રંગવૈવિધ્યનું વર્ણન કરવાનું કવિ ચૂકતા નથી.

ધૃતરાષ્ટ્ર આશા-નિરાશાથી ઘેરાઈ ગયા. તેઓ પુરુષાર્થ કરતાં પ્રારબ્ધને મહત્ત્વ આપે છે. ધૃષ્ટધુમ્ને દ્રોણાચાર્યનો વધ કર્યો એટલી જ વિગત અહીં અપાઈ છે. અત્યારે ધૃતરાષ્ટ્રને વિદુરે કહેલી વાત યાદ આવે છે. તેમને અર્જુન અને ભીમસેનનો બહુ ડર લાગે છે.

ફરી દ્રોણાચાર્યે કેવી રીતે યુધ્ધ કર્યું તેનું વર્ણન આવે છે. સાત્યકિ અને કૃતવર્મા વચ્ચે યુદ્ધ શરૂ થયું. શલ્યે પણ યુધિષ્ઠિરને આગળ આવવા ન દીધા. હવે અશ્વત્થામાં પણ યુદ્ધમાં પિતાની રક્ષા કરવા આગળ આવ્યા. યુધ્ધની કથા રોમાંચક હોય છે એવી વાત ખોટી નથી. કેટલીક વખત કોણ કોની સામે લડે છે એનો પણ ખ્યાલ આવતો નથી. હવે સાવ સામાન્ય રીતે કવિ કહે છે કે આવુ યુદ્ધ ક્યારેય લડાયું ન હતું. ભીમસેને કૌરવસેનાને વેરવિખેર કરી નાખી. દુર્યોધન અને ભીમસેન પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ભીમસેને પણ કૌરવોને ભયભીત કરી નાખ્યા. યુદ્ધમાં અફવાઓ પણ સંભળાય- ભીમસેન હાથી વડે મૃત્યુ પામ્યા. ભગદત્ત અને દશાર્ણરાજ વચ્ચે યુદ્ધ શરૂ થયું. ભગદત્તનો સામનો કરવા ભીમસેન આગળ ગયા. અર્જુન પણ ભગદત્તની પ્રશંશા કરે છે. છેવટે તે શ્રીકૃષ્ણને ભગદત્ત પાસે લઈ જવા કહે છે. અર્જુન સામે પ્રશ્ન આવ્યો કે સંશાતક સૈનિકોનો વધ કરુ કે યુધિષ્ઠિરની રક્ષા કરું? છેવટે તે સૈનિકોનો વધ કરવા જાય છે.

અર્જુને શત્રુપક્ષનો સંહાર કરવા માંડ્યો. શ્રીકૃષ્ણે અર્જુનને અભિનંદન આપ્યા. હજુ અર્જુનના મનની દ્વિધા શમી નથી. શ્રીકૃષ્ણે કશું બોલ્યા ચાલ્યા વિના ત્રિગર્તરાજ પાસે રથ લઈ ગયા. અર્જુને શત્રુરાજાના ભાઈને, સારથિને, અશ્વોને યમલોક મોકલી આપ્યા. અર્જુનનો સામનો કરવાની શક્તિ કૌરવસૈનિકોમાં ન હતી. અર્જુન ધર્મ પ્રમાણે યુદ્ધ કરવા ચાહે, અને સામે પક્ષે શત્રુઓ ધર્મનો એવો કોઈ વિચાર ન કરે. ભગદત્તે શ્રીકૃષ્ણને ઘાયલ કર્યા. અર્જુને ભગદત્તને હતોત્સાહ કર્યા.

ભીમસેને કૌરવસેનાને વેરવિખેર કરી નાખી. દુર્યોધન અને ભીમસેન પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ભીમસેને પણ કૌરવોને ભયભીત કરી નાખ્યા. યુદ્ધમાં અફવાઓ પણ સંભળાય- ભીમસેન હાથી વડે મૃત્યુ પામ્યા

શ્રીકૃષ્ણે ભગદત્તે ચલાવેલું વૈષ્ણવાસ્ત્ર પોતાની છાતી પર લઈ લીધું. પરિણામે અર્જુન નારાજ થયા, શ્રીકૃષ્ણે તો કહેલું કે હું યુદ્ધમાં ભાગ નહીં લઉં. પણ પેલા અસ્ત્ર વડે અર્જુનનો નાશ થાત એટલે શ્રીકૃષ્ણે અસ્ત્ર સ્વીકાર્યું.

ભગદત્તનો હાથી ભયાનક હતો, પણ છેવટે અર્જુને તેનો વધ કર્યો. આખરે ભગદત્ત પણ મૃત્યુ પામ્યા. આમ પાંડવો ત્યારે તો વિજયી થયા.